# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

(https://gpssb.gujarat.gov.in)

બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન,

સેક્ટર-૧૦/એ, ગાંધીનગર

હેલ્પલાઇન નંબર:-૦૭૯-૨૩૨૫૮૫૬૩

## **ઉમેદવારો માટે ખાસ સૂચના**

મંડળ દ્વારા જાહેરાત ક્રમાંક:૦૫/૨૦૨૧-૨૨-નાયબ હિસાબનીશ સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવેલ છે. જે અન્વયે ઓનલાઇન અરજી કરનાર ઉમેદવારો પૈકી જનરલ કેટેગરીના ઉમેદવારો કે જેમણે નિયત સમયમર્યાદામાં પરીક્ષા ફી ભરી ન હોય તેવી અરજીઓ આ સંવર્ગની વિગતવાર જાહેરાતની જોગવાઈઓ મુજબ અન્વયે મંડળ દ્વારા ‘રદ’ (Reject) કરવામાં આવેલ છે. આવી “રદ” (Reject) થયેલ અરજીઓની યાદી મંડળની વેબસાઇટ https://gpssb.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે, જેની સંબંધિત ઉમેદવારે નોંધ લેવી.

જો કોઇ ઉમેદવારે SBI e-PAY કે પોસ્ટ ઓફીસના માધ્યમથી પરીક્ષા ફી ભરેલ હોય છતાં “રદ” કરેલ અરજીઓના લીસ્ટમાં નામ હોય તેવા ઉમેદવારોએ SBI e-PAY ની ઓનલાઈન જનરેટ થયેલ રસીદ/પોસ્ટ ઓફીસમાં પરીક્ષા ફી ભર્યાના અસલ ચલણ, એપ્લીકેશનની પ્રીન્ટ આઉટ, પાસપોર્ટ સાઇઝના બે ફોટા અને ઉમેદવારની ઓળખના એક પુરાવા સાથે, આ સંવર્ગની પરીક્ષાના કોલલેટર ડાઉનલોડ કરવાના સમયગાળા દરમ્યાન (મોડામાં મોડું પરીક્ષાના ૧(એક) દિવસ અગાઉ) મંડળની કચેરીમાં કામકાજના દિવસો/સમય દરમ્યાન રૂબરૂ સંપર્ક કરવો, જેથી પુરાવા ચકાસીને કોલલેટર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાય.

“મંડળના આદેશાનુસાર”

સચિવ